## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અચાનક... કડાકા ભડાકા વિજળી થવા લાગ્યા છે... ચાલ ઘરે... લાગે છે આપણી વાઈફ પિયરમાંથી વેકેશન પતાવીને નીકળી લાગે છે...!!

# ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચાના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં આગામી સમયમાં વિધાનસભાની ચુંટણી આવી રહી છે. ભાજપ દ્વારા મિશન-૧૫૦ને હાંસલ કરવા પ્રદેશના આગેવાનો વિવિધ મોરચા અને સેલના હોદેદારો સહિત કાર્યકરો તનતોડ મહેનત કરી રહ્યા છે. ભાજપ દ્વારા અત્યારથી જ માઈક્રોપ્લાનીંગ તૈયારીઓ ચાલી રહી છે. જેને પગલે પક્ષ દ્વારા ચુંટણીમાં દોડી શકે તેવા કર્મઠ કાર્યકરોની નિમણુંકોનો દોર શરુ કરાયો છે.જેમાં ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.' ગુજરાત પ્રદેશ ભાજના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, મહામંત્રી કે.સી.પટેલ અને યુવા મોરચાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ડો.રૂત્વીજ પટેલની સુચનાથી ગાંધીનગર મહાનગર ભાજન પ્રમુખ મહેન્દ્ર દાસ અને યુવા મોરચાના પ્રમુખ અમિત પટેલ દ્વારા ચાર ઉપ પ્રમુખ, ચાર મંત્રી એક કોષાધ્યક્ષ અને એક કાર્યાલય મંત્રીની વરણી કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચાના કોષાધ્યક્ષ તરીકે બિપિનભાઈ પટેલ, ઉપાધ્યક્ષ તરીકે ધ્રુવિલ પટેલ, જયેશ બ્રહ્મભટ્ટ, જયપાલસિંહ વાઘેલા, વિરલ પટેલ, જયારે મંત્રી તરીકે અપૂર્વ પટેલ, સતિષજી ઠાકોર, હાર્દિક પટેલ, વિજય ત્રિવેદી, તેમજ કાર્યાલય મંત્રી તરીકે કૃતિક ભટ્ટની વરણી કરવામાં આવી છે. ગાંધીનગર ભાજપ યુવા મોરચામાં નવા હોદેદારોની વરણી થતા સૌ કાર્યકરોમાં હરખની હેલી પ્રસરી ગઈ છે. જયારે નવી નિમણુંક પામેલા હોદેદારોએ આગામી ચુંટણીને અનુલક્ષીને સૌ કાર્યકરો ખભેથી ખભો મીલાવીને કામ કરીશું તેમ જણાવ્યું હતું.

# ગાંધીનગર સે. ૧૬ની અંધશાળા ધો-૧૦નું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૩૦

સર્વિસ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ અમદાવાદ સંચાલિત



અંધશાળા ગાંધીનગર સેકટર-૧૬નું પરિણામ છેલ્લા ૧૩ વર્ષથી ૧૦૦ ટકા આવે છે. જે પરંપરા ચાલુ વર્ષે ૧૦૦ ટકા પરિણામ લાવીને જાળવી રાખેલ છે.

અંધશાળા ગાંધીનગરમાં મેમણ અકશાબાનુ એ. ૭૫ ટકા, ઠાકોર રાકેશકુમાર ડી. ૭૨ ટકા, ભગોરા માયાબેન એ. ૬૫ ટકા, પંડયા પ્રિતી ડી. ૬૩ ટકા, મકવાણા



જગદીશસિંહ બી. ૬૧ ટકા, ચાવડા ભદ્રેશકુમાર એમ. ૬૦ ટકા, વાઘેલા મહેન્દ્રભાઈ આર. ૬૦ ટકા, ઠાકોર બાબુજી જે. ૫૮ ટકા મેળવેલ છે. માનદમંત્રી જયંતિભાઈ પટેલે સર્વેનો અભિનંદન પાઠવેલ છે.

# સર્વોદય છાત્રાલયમાં નિઃશુલ્ક પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા. ૩૦

સર્વોદય છાત્રાલય કમિટી માણસા દ્વારા ચાલુ વર્ષે અનુસૂચિત જાતિ, બક્ષીપંચ લઘુમતી, નિરાધાર અને આર્થિક રીતે નબળા પરિવારના વિદ્યાર્થીઓને ધો. ૫ થી ૧૨માં નિઃશુલ્ક પ્રવેશ અપાશે. સાથે પુસ્તકો, ચોપડા, યુનિફોર્મ અને કોમ્પ્યુટર તાલીમ નિઃશુલ્ક આપવામાં આવશે.

સર્વોદય છાત્રાલય માણસા દ્વારા આગામી સત્રમાં અભ્યાસ કરવા માટે અનુસૂચિત જાતિ, બક્ષીપંચ, લઘુમતી સમાજના નિરાધાર, ખેતમજૂર, છુટક મજુરી, આર્થિક રીતે નબળા પરીવારના વિદ્યાર્થીઓને ધો. ૫ થી ૧૨માં પ્રવેશ આપવામાં આવશે સાથે ઉંચી ટકાવારી ધરાવતા વિદ્યાર્થીઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે અને પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને નોટબુક, ચોપડા, પુસ્તકો, સ્કૂલ યુનિફોર્મ મફત આપવામાં આવશે. સાથે આજના ટેકનોલોજી યુગમાં સંસ્થા દ્વારા દરેક વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર તાલિમ પણ આપવામાં આવશે. આ સંસ્થામાં જોડાવવા માટે સર્વોદય છાત્રાલય માણસા, વિજયનગર, માણેકપુર રોડ મુકામે સવારે ૮ થી ૧૨ સુધી રૂબરૂ મુલાકાત કરવી અથવા વધુ માહિતી માટે ૯૮૨૪૦-૭૭૫૭૪ પર સંપર્ક કરવો તેમ સંસ્થાના પ્રમુખે જણાવ્યુ છે.

## જાહેર નિવિદા

પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા ખેડૂત તાલીમ કેન્દ્ર, સેક્ટર-૧૫, ગાંધીનગર (૦૭૯-૨૩૨૪૩૮૫૩) દ્વારા વર્ષ : ૨૦૧૭-૧૮માં ખેડૂતોના પ્રવાસ માટે લકઝરી બસના કિ.મી. દીઠ ભાવ, જિલ્લામાં યોજાતા કૃષિલક્ષી વિવિધ કાર્યક્રમો દરમિયાન ખેડૂતોને ભોજન પુરું પાડવા તથા મંડપ ડેકોરેશન અંગેના ભાવ મંગાવવામાં આવે છે. રસ ધરાવતી પાર્ટીઓને કચેરીમાંથી રૂ. ૫૦૦ ચૂકવ્યેથી ટેન્ડર ફોર્મ તા. ૯/૬/૨૦૧૭ સુધી મળશે. ભરેલ ટેન્ડર તા. ૧૩/૬/૧૭ કચેરી સમય સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

**પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા પ્રોજેક્ટ, સેક્ટર-૧૫, ગાંધીનગર**

માહિતી/૬૧૪/૧૭-૧૮

# જીપીએસસીની પરીક્ષામાં છબરડા અંગે યુથ કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર

ગાંધીનગર, તા.૩૦

જીપીએસસી કલાસ- અને કલાસ-૨ની અંદાજે ૪૬૦ જગ્યા માટે પરિક્ષા લેવામાં આવી હતી. પરંતુ રંધાતુ હોય તેવું લાગી રહ્યું છે. જીપીએસસીની કલાસ-૧ અને કલાસ-૨ની પરિક્ષા માટે અંદાજે ૪૬૦ જેટલી જગ્યા માટે ૮ લાખથી વધુ



ઉમેદવારોએ પ્રિલીમનરી પરિક્ષા આપી હતી. તે પરિક્ષામાં ૮ હજારથી વધુ વિદ્યાર્થીઓ પાસ થયા છે. અને ફાઈનલ પરિક્ષામાં ૬ ગણા પરિક્ષાર્થીઓને પાસ કરવાની જરૂર હતી પરંતુ તેની સામે માત્ર ૩ ગણાને ઉમેદવારોને પાસ કર્યા છે. ફાઈનલ પરિણામ બાદ ૪૫ દિવસનો સમયગાળો રી-ચેંકીગ તેમજ વાંધા માટે આપવામાં આવે છે. ત્યારે જીપીએસસી શું કામ ઈન્ટરવ્યુ માટે ઉતાવળ કરે છે તે સમજાતું નથી. ભરતી પ્રક્રિયામાં લાગતા વળગતાઓને નોકરી અપાવાનું કાવતરુ હોય તેવું લાગી રહ્યું છે. જીપીએસસી દ્વારા પરિક્ષાર્થીઓના નામ, નંબર અને ગુણ સહિતનું રિઝલ્ટ શું કામ ડીકલેર કરવામાં આવતું નથી. જયારે ૩૫ થી વધુ જીપીએસસીના કર્મચારીઓ કે જેઓએ પરિક્ષા આપી હતી. તે પોતે પરિક્ષાની કામગીરીમાં હતા અને તેઓને પણ પાસ કરવામાં આવ્યા છે તેવો આક્ષેપ યુથ કોંગ્રેસ દ્વારા કરાયો છે. નવી પરિક્ષાઓમાં જો સ્કેલીંગ પધ્ધતિ રદ કરવામાં આવતી હોય તો અમારી માંગણી છે જુની પરિક્ષામાં પણ સ્કેલીંગ પધ્ધતિ રદ કરવામાં આવે. જયારે યુવક કોંગ્રેસ દ્વારા જીપીએસસીની આ પરિક્ષા પ્રક્રિયાની વિજીલન્સ દ્વારા તપાસ થાય તેવી ઉગ્ર માંગ કરાઈ છે. જયારે આગામી સમયમાં તંત્ર દ્વારા પરિક્ષા પ્રક્રિયામાં છબરડા અંગે યોગ્ય નિર્ણય નહી કરવામાં આવે તો યુથ કોંગ્રેસ દ્વારા જલદ કાર્યક્રમો આપવામાં આવશે તેમ ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના મહામંત્રી પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું છે.

લાગતા વળગતાઓને નોકરી અપાવવા માટે પરિક્ષા પ્રક્રિયામાં ગંભીર છબરડા, ભ્રષ્ટ્રાચાર અને સગાવાદની નિતી અપનાઈ હોવાનો આક્ષેપ ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના મહામંત્રી દ્વારા કરાયો છે અને આ અંગે જીપીએસસીના સેક્રેટરીને આવેદન આપી યોગ્ય કરવા રજુઆત કરાઈ છે. અને આગામી સમયમાં આ અંગે યોગ્ય નિર્ણય નહીં લેવામાં આવે તો યુથ કોંગ્રેસ દ્વારા જલદ કાર્યક્રમો આપી વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

આ અંગે ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના મહામંત્રી પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું છે કે જીપીએસસીના પરિણામમાં કંઈક

# એન્જિનીયરીંગમાં પર્સેન્ટાઈલ આધારે પ્રવેશ પદ્ધતિને પડકાર

ગાંધીનગર, તા.૩૦

ધોરણ-૧૨ પછી એન્જિયનીયરીંગમાં પર્સેન્ટાઈલના આધારે પ્રવેશ આપવાની પધ્ધતિને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવી છે. પર્સેન્ટાઈલ પધ્ધતિને લઈ જેન્યુઈન અને મેરિટવાળા વિદ્યાર્થીઓને પ્રવેશમાં ભારોભાર અન્યાય થતો હોવાનો મુદો ઉઠાવવામાં આવ્યો છે. આ રિટ અરજીની સુનાવણી આવતીકાલે હાથ ધરાય તેવી શકયતા છે. પર્સેન્ટાઈલ પધ્ધતિને પડકારતી રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરવામાં આવી છે કે, આ પધ્ધતિને લીધે બોર્ડમાં ઓછી સંખ્યામાં વિદ્યાર્થીઓ હોય તેવા બોર્ડના વિદ્યાર્થીઓને પ્રવેશમાં ખાસ નુકસાન થવાની શકયતા રહે છે. એટલું જ નહી, મેરિટ ધરાવતા અને જેન્યુઈન વિદ્યાર્થીઓ પ્રવેશમાં અન્યાયનો ભોગ બને છે.

આ સંજોગોમાં પર્સેન્ટાઈલ નહી પરંતુ પરસન્ટેજના આધારે જ પ્રવેશ અપાવો જોઈએ તેવી રિટમાં દાદ માંગવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, અગાઉ પર્સેન્ટાઈલ પધ્ધતિને પડકારતી જાહેરહિતની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં થઈ હતી, જેમાં હાઈકોર્ટે પર્સેન્ટાઈલ પધ્ધતિ ગેરકાયદે ઠરાવી હતી. હાઈકોર્ટના આ હુકમ સામે રાજય સરકારે સુપ્રીમકોર્ટમાં પિટિશન કરી હતી. જે સુપ્રીમકોર્ટમાં પડતર છે અને સુપ્રીમકોર્ટે તેમાં કોઈ સ્ટે આપ્યો નથી.

બીજીબાજુ, રાજય સરકારે ચાલુવર્ષેઈજનેરીમાંપ્રવેશ માટેજેઈઈના બદલે ગુજકેટના આધારે પ્રવેશની નીતિ અપનાવી હતી અને સાથે સાથે પર્સેન્ટાઈલ પધ્ધતિનો આધાર લીધો હતો, જેથી આ પધ્ધતિને ફરી એકવાર હાઈકોર્ટમાં પડકારાઈ છે. આવતીકાલે આ કેસની સુનાવણી હાથ ધરાય તેવી શકયતા છે.



ફેકલ્ટી ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સભ્ય સંસ્કાર પરિવાર દ્વારા ગાંધીનગર ટાઉનહોલ ખાતે એક શામ આપ કે નામ મ્યુઝીકલ નાઈટ યોજાઈ હતી. જેમાં સુપ્રસિધ્ધ સિંગર-એકટર્સ-મોડલ દિવ્યશ્રી નંદિતાએ ઉપસ્થિત રહી હિન્દી ફિલ્મી ગીતો સુંદર રીતે રજુ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં ઉદઘાટક અને વકતા તરીકે (લકુલેશ ધામના) સંત પ્રિતમ મુનીજીએ ઉપસ્થિત રહી આજના યુગમાં સત્ય અને સંસ્કારનું મહત્વ સમજાવ્યું હતું.

# ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં શહેરના ટોપર્સ

| ક્રમ | નામ | શાળાનું નામ | ટકા | ગ્રેડ-એ |
|---|---|---|---|---|
| ૧ | કૃશાંગીની કે. પટેલ | સ્વામીનારાયણ ગુરૂકુલ | ૯૧.૩૩ | એ-૧ |
| ૨ | પ્રાચી એચ. પુરોહિત | એમ.બી. પટેલ ઈ. મીડીયમ સ્કૂલ | ૯૦.૯૩ | એ-૧ |
| ૩ | રિતુ પી. પટેલ | આર.સી. વિદ્યાલય | ૯૦.૪૩ | એ-૧ |
| ૪ | મિલૌની એમ. પરમાર | આર.સી. વિદ્યાલય | ૮૯.૮૬ | એ-૨ |
| ૫ | જય આર. મોદી | આર.સી. વિદ્યાલય | ૮૯.૫૭ | એ-૨ |
| ૬ | સંકલ્પ ડી. ઝાલા | માઉન્ટ કાર્મેલ | ૮૯.૨૮ | એ-૨ |
| ૭ | ફરહા એમ. કુરેશી | આર.જી. કન્યા વિદ્યાલય | ૮૯.૧૪ | એ-૨ |
| ૮ | નિમિષા કે. પટેલ | એમ.બી. પટેલ ઈ. મીડીયમ સ્કૂલ | ૮૮.૪૬ | એ-૨ |
| ૯ | કૌશલ ડી. પ્રજાપતિ | એન.કે. સ્કૂલ ઓફ કોમર્સ | ૮૮.૪૨ | એ-૨ |
| ૧૦ | સ્તુતિ જી. શાહ | એમ.બી. પટેલ ઈ. મીડીયમ સ્કૂલ | ૮૭.૪૭ | એ-૨ |
| ૧૧ | દિવ્યેશ ડી. પ્રજાપતિ | એન.કે. સ્કૂલ ઓફ કોમર્સ | ૮૭.૪૩ | એ-૨ |
| ૧૧ | વિભુતિ કે જાદવ | આર.જી. કન્યા વિદ્યાલય | ૮૭.૪૩ | એ-૨ |
| ૧૧ | પિંકલ પી. પ્રજાપતિ | આર.જી. કન્યા વિદ્યાલય | ૮૭.૪૩ | એ-૨ |
| ૧૨ | કૃણાલ જી. દેસાઈ | એન.કે. સ્કૂલ ઓફ કોમર્સ | ૮૭.૦૦ | એ-૨ |
| ૧૩ | ખુશ્બુ કે. પરમાર | આર.જી. કન્યા વિદ્યાલય | ૮૬.૨૮ | એ-૨ |
| ૧૪ | પલ્લવી વી. ઠાકોર | એન.કે. સ્કૂલ ઓફ કોમર્સ | ૮૫.૮૫ | એ-૨ |
| ૧૫ | ખુશ વી. શાહ | માઉન્ટ કાર્મેલ | ૮૫.૭૧ | એ-૨ |
| ૧૬ | બિનલ એ. ચૌધરી | આર.જી. કન્યા વિદ્યાલય | ૮૫.૫૭ | એ-૨ |
| ૧૭ | હાર્દિક એન. સોલંકી | એન.કે. સ્કૂલ ઓફ કોમર્સ | ૮૫.૨૮ | એ-૨ |

## ગાંધીનગર તલાટી કમ મંત્રી મંડળના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર તાલુકા તલાટી કમ મંત્રી મંડળના હોદ્દેદારોની નિમણુંક કરાઈ હતી. જેમાં ગાંધીનગર તાલુકાના ગામોમાંથી સર્વાનુમતે હોદ્દેદારો નિમવામાં આવ્યા હતા. જેમાં પ્રમુખ-ગાભાજી ઠાકોર (ત.ક. મંત્રી-રાયસણ), ઉપપ્રમુખ રમણભાઈ પટેલ (ત.ક. મંત્રી જલુંદ), મહામંત્રી-મેહુલભાઈ મિસ્ત્રી (ત.ક. મંત્રી-કોલવડા), સહમંત્રી-સચિનભાઈ પટેલ (ત.ક. મંત્રી પોર), ખજાનચી રાજેશભાઈ ચૌધરી (ત.ક. મંત્રી ગલુદણ), આંતરિક ઓડિટર ગૌતમભાઈ બ્રહ્મભટ્ટ (ત.ક.મંત્રી તારાપુર)ની નિમણુંક કરવામાં આવી હતી.

## ખેત-મજૂરી કરતા પિતાનો પુત્ર શાળામાં પ્રથમ નંબરે આવ્યો

ગાંધીનગર, તા. ૩૦

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના અંતરિયાળ ગામ નાના પાડલા-સીમલીયામાં ખેત-મજૂરી કરી ઘરનું ગુજરાન ચલાવતા ભાથુભાઈ ડામોરના પુત્ર કિરણે ગાંધીનગરમાં આવેલ આદિવાસી કુમાર છાત્રાલયમાં રહી વિવેકાનંદ સ્કૂલ સે. ૧૨ની શાળામાં ૬૯.૭૧ ટકા ગુણાંક સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.



વાવોલના સરકારી કુમાર છાત્રાલયમાં રહી વિના ટ્યુશને આજે જાહેર થયેલ પરિણામમાં કિરણ ડામોર ૬૯.૭૧ ટકા ગુણાંક સાથે પ્રથમ નંબરે શાળામાં આવ્યો છે.

આજે શાળા સંચાલકોએ તેને જ્યારે પરિણામની જાણ કરી ત્યારે તે પિતાજી સાથે મજૂરી કામે ગયો હતો. હવે ૫ મીએ તે માર્કસીટ લેવા આવશે. અત્યંત ગરીબ પરિવારમાંથી આવતા કિરણે જવલંત સફળતા મેળવી છે તેનો સંતોષ શાળાના સૌ શિક્ષકોને છે.



## નગરસેવકોએ રહીશોના ખબરઅંતર પુછયા

ગાંધીનગરમાં આકરી ગરમી સાથે કોલેરા-કમળાના વાવરનો ખતરો ઉભો થવા પામ્યો છે. રાજયમાં સૌથી વધુ ગરમીના આંક સાથે મોખરે રહેતા પાટનગરમાં લૂ લાગવાથી ઝાડા-ઉલ્ટીના દર્દીઓની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે. શહેરના વોર્ડ નં. ૭માં ચારેય કોર્પોરેટર્સે વોર્ડમાં ઘરે ઘરે ફરીને કોલેરા-કમળા તથા ઝાડા ઉલ્ટીના દર્દીઓના ખબર અંતર પુછયા હતાં.



## ધોરણ-૧૦માં શહેરના ટોપર્સ

ગાંધીનગર, તા. ૩૦

ધોરણ-૧૦ના ટોપર્સની યાદીમાં સેન્ટ ઝેવિયર્સના પર્લ આર. પટેલે ૫૬૫ ગુણ મેળવી તથા પાર્થ ઠક્કરે ૫૫૨ ગુણ મેળવી સ્થાન મેળવ્યું હતું.



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in